1. ગુજરાત વર્નાક્યુલર સોસાયટી (ગુજરાત વિદ્યાસભા)
    - આ સંસ્થાની સ્થાપના 26 ડીસેમ્બર, 1848ના રોજ ફાર્બસ સાહેબે અમદાવાદમાં કરી હતી.
    - જે પાંસળથી ગુજરાત વિદ્યાસભા તરીકે ઓળખવા લાગી.
    - 4 અપ્રિલ, 1849માં આ સંસ્થાએ " વરતમાન " પ્રગટ કર્યું.
    - 15 મે, 1850ના રોજ " બુદ્ધિપ્રકાશ " (પખવાડીક) શરુ કર્યું.
    - આ સંસ્થાએ લગભગ એક હજાર પુસ્તકોનું પ્રકાશન કરીને સાહિત્યવિકાસમાં મહત્વનો ફાળો આપ્યો છે.
2. ગુજરાતી સાહિત્ય પરિષદ
    - આ સંસ્થાની સ્થાપના 1905માં નડિયાદ ખાતે ગોવર્ધનરામ ત્રિપાઠીના અધ્યક્ષપદે કરવામાં આવી હતી.
    - આ સંસ્થા દ્વારા " પરબ " નામનું સામયિક પણ બહાર પાડવામાં આવ્યું છે.
3. ગુજરાત સાહિત્ય સભા
    - આ સંસ્થાની સ્થાપના 1904માં રણજીતરામ વાવાભાઈ મહેતાએ અમદાવાદ "ગુજરાત સાહિત્ય સભાની" સ્થાપના કરી હતી.
    - ગુજરાતી સાહિત્યનો વિસ્તાર કરવા અને તેને લોકપ્રિય બનાવવા માંટે વિવિધ પ્રવૃત્તિ શરુ કરી હતી.
    - આ સંસ્થા દ્વારા "રણજીતરામ સુવર્ણચંદ્રક" આપવામાં આવે છે.
    - રણજીતરામ સુવર્ણચંદ્રક રણજીતરામ વાવાભાઈ મહેતાની યાદમાં આપવામાં આવે છે.
    - રણજીતરામ સુવર્ણચંદ્રક ઈ.સ. 1928થી આપવામાં આવે છે.
4. નર્મદ સાહિત્ય સભા
    - ઈ.સ. 1923માં સુરતમાં "ગુજરાતી સાહિત્ય મંડળની" સ્થાપના થઇ,ઈ.સ 1939માં તેની સાથે નર્મદનું નામ સંકળાતા તે "નર્મદ સાહિત્ય સભા" બની.
    - આ સંસ્થા દ્વારા " નર્મદ સુવર્ણચંદ્રક " આપવામાં આવે છે.
    - નર્મદ સુવર્ણચંદ્રક આપવાની શરૂઆત ઈ.સ 1940થી થઇ હતી.
5. પ્રેમાનંદ સાહિત્ય સભા
    - ગુજરાતી ભાષાના વિકાસ અને ઉન્નતીના ઉદ્દેશથી વડોદરામાં ઈ.સ. 1916માં " વડોદરા સાહિત્ય સભા " ની સ્થાપના કરવામાં આવી.

www.gkgrip.com

- જેણે ઈ.સ.1944માં " પ્રેમાનંદ સાહિત્ય સભા " તરીકે નામ મળ્યું.
- આ સંસ્થા વ્યાખ્યાનો,સાહિત્યિક ગ્રંથોનું પ્રકાશન તેમજ સાહીત્યકારોની જયંતિઓની ઉજવણી આ સંસ્થા કરે છે.

6. ગુજરાત સાહિત્ય અકાદમી
   - ગુજરાત રાજ્ય સંચાલિત "ગુજરાત સાહિત્ય અકાદમી" ની સ્થાપના ઈ.સ.1982માં થઇ હતી.
   - ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા "શબ્દસૃષ્ટિ" નામનું માસિક બહાર પડે છે.
7. ફાર્બસ ગુજરાતી સભા
   - આ સંસ્થાની સ્થાપના ઈ.સ.1865માં થઇ હતી.
   - આ સંસ્થાનો નો હેતુ ગુજરાતી ભાષાના પ્રાચીન હસ્તલિખિત પુસ્તકોનો સંગ્રહ કરવાનો હતો.
   - આ સંસ્થાએ ઈ.સ.1932થી પોતાના મુખપત્ર "ફાર્બસ ગુજરાતી સભા" ત્રિમાસિક પત્રનું પ્રકાશન શરૂ કર્યું હતું, જે આજે પણ પ્રગટ થાય છે.
8. ભારતીય વિદ્યાભવન
   - આ સંસ્થાની સ્થાપના મુંબઈમાં શ્રી. કનૈયાલાલ મુનશીએ કરી હતી.
   - આ સંસ્થા દ્વારાગુજરાતમાં વિવિધ સ્થળોએ કોલેજો અનેહાઇસ્કૂલની સ્થાપના કરવામાં આવી હતી.આ સંસ્થાએ "ભવન્સ કોલેજ: અને ગુજરાતીમાં "નવનીત" સામયિકની શરૂઆત કરી હતી.

www.gkgrip.com